## જી.ઈ.બી.માં તસ્કરોના હાથમાં તોતિંગ ટ્રેક્ટર આવ્યું!

ગાંધીનગર, તા.૨૩

જી.ઈ.બી.માં રાત્રિ દરમિયાન ટ્રેક્ટર-ટ્રોલીની ચોરી થઈ હોવાની ફરિયાદ સે-૨૧ પોલિસ મથકે નોંધાઈ છે. જી.ઈ.બી.ના મેઈન્ટેનન્સ વિભાગના પાર્કીંગમાંથી કોઈ ચોર ઈસમે લેબર કોન્ટ્રાકટરના ટ્રેકટરની ઉઠાંતરી કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર જિલ્લાના શાહપુર ગામમાં રહેતા ચંદ્રકાન્ત આત્મારામ વાઘેલાએ તેમનું ટ્રેકટર નંબર જી.જે. ૧૮-ટી-૯૪૨૫ ગત તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ જી.ઈ.બી. સ્થિત મેન્ટેનન્સ વિભાગ સામે પાર્કીગમાં મુકયું હતું. જયારે રાત્રિ દરમિયાન કોઈ ચોર ઈસમે રૂ. ૫.૫૫ લાખના કિંમતના આ ટ્રેકટરની ચોરી કરી હતી. આ મામલે લેબર કોન્ટ્રાકટરે સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પેથાપુર-રાંધેજા માર્ગ પર લકઝરી-બાઈક વચ્ચે અકસ્માત : ચાલક રફફુચક્કર

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના પેથાપુર રાંધેજા માર્ગ પર આજે વહેલી સવારે પુરપાટ ઝડપે આવતી એક લકઝરીના ચાલકે પાછળથી બાઈકને અડફેટે લઈ નાસી છૂટયો હતો અને બાઈક ચાલક સહિત ત્રણ બાઈક સવારે માર્ગમાંથી બાજુની તરફ ફંગોળાઈ ગયા હતા. જેથી મોટો અકસ્માત સર્જાયો હતો અને ઘાયલ બાઈક ચાલકને સારવાર માટે અમદાવાદ ખસેડાયો હતો.

ગાંધીનગર નજીક રાંધેજા-પેથાપુર માર્ગ પર આજે વહેલી સવારે મહેસાણા જિલ્લા વડસમા ગામથી કિશનભાઈ અરવિંદભાઈ ઉપાધ્યાય પોતાનું બાઈક નં. જીજે-૨ એ.એલ. ૩૯૭૪ લઈ પોતાના માતા અને નાનાભાઈને બાઈક પર બેસાડી મહેસાણાથી ગાંધીનગર આવી રહ્યા હતા.

દરમિયાન પાછળથી પુરપાટ આવતી એક લકઝરી બસના ચાલકે પાછળથી બાઈકને જોરદાર ટકકર મારી હતી આથી માર્ગથી બાજુમાં ત્રણેય બાઈક સવારો ફેંકાઈ ગયા હતા જેમાં બાઈક ચાલક કિશનભાઈ ઉપાધ્યાયને શરીરે ઈજાઓ પહોંચતા તેમને અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.જયારે તેમની માતા અને નાના ભાઈ યશ ઉપાધ્યાયને શરીરે નાની મોટી ઈજાઓ થવા પામી હતી. આમ આ ઘટનામાં લકઝરી ચાલક ટકકર મારી નાસી છૂટયો હતો. આ સંદર્ભે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જેની તપાસ જમાદાર કાન્તિભાઈ ચલાવી રહ્યા છે.

## રાંચરડા ગામની દેના ગુજરાત ગ્રામીણ બેંકમાંથી તસ્કરો રૂ. ૬,૯૯,૪૬૯ રોકડ ભરેલી લોખંડની તિજોરી ઉઠાવી ગયા

### હકસોબ્લેડની મદદથી હડા કાપી બેંકના મકાનમાં તસ્કરો પ્રવેશ્યા હતા : ચાર સી.પી.યુ. અને અન્ય બેંકના દસ્તાવેજો પણ ઉઠાવી ફરાર

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં સ્થિત રાંચરડા ગામે આવેલ દેના ગુજરાત ગ્રામીણ બેંકને બે દિવસની રજાના માહોલને જોતા નિશાન બનાવી હતી અને મોડી રાત્રે બેંકના મકાનમાં પ્રવેશી તેમાંથી કુલ રોકડ રકમ ૬,૯૯,૪૬૯ ભરેલી લોખંડની તિજોરી સહિત ઈલેકટ્રોનીક આઈટમો અને જરૂરી બેંકના દસ્તાવેજો લઈ ફરાર થઈ ગયા હતા. જેથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ ચોરી અંગે કલોલ તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર કલોલ તાલુકાના રાંચરડા ગામે દેના ગુજરાત ગ્રામીણ બેંક આવેલી છે. જયાં આસપાસના ગામના નાના-મોટા પોતાની થાપણ જમા કરાવે છે. ગ્રામીણ બેંક ગામડામાં હોવાથી બે દિવસની રજા હોવાથી બેંક સાવ બંધ હતી. બે રજા અને વરસાદી માહોલ અને અંધારાનો લાભ લઈ કેટલાક તસ્કરોએ આ બેંકને નિશાન બનાવી હતી અને હેકસો બ્લેડની મદદથી બેંકના મકાનના દરવાજાના હડા કાપી બેંકમાં પ્રવેશ કર્યો હતો. બેંકમાં રહેલા મોટા ભાગના દસ્તાવેજો આમ તેમ ફેંકી દીધા હતા અને બેંકમાં રૂ. ૬,૯૯,૪૬૯ રોકડ ભરેલી લોખંડની તિજોરી ચાર નંગ સી.પી.યુ. અને રાઉટર વાયરો સહિત બેંકના જરૂરી દસ્તાવેજો લઈ પલાયન થઈ ગયા હતા. આ મામલે બે દિવસની રજા બાદ બેંકના કર્મચારી કનૈયાલાલ હરજીવનભાઈ પટેલ (રહે. યુ/૯ ઘનશ્યામ સોસાયટી મેઘાણીનગર, અમદાવાદ) આજે બેંક ખાતે આવ્યા હતા અને આ દશ્ય જોઈ તુરંત પોલીસને જાણ કરી હતી.

આ મામલે તાલુકા પોલીસમથકના પોલીસકર્મીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને સમગ્ર ઘટનાની તપાસ કરી ડોગ સ્કોર્ડ અને ફિંગર પ્રિન્ટ એક્ષપર્ટની મદદથી તસ્કર ટોળકીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે અને આ અંગે કલોલ તાલુકા પોલીસના પી.એસ.આઈ. એમ.જી. અહુલા તપાસ કરી રહ્યા છે.

## સિદ્ધાર્થ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી (સૂચિત)ના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૩

સેક્ટર-૫-એમાં આવેલ ધી સિદ્ધાર્થ કો-ઓપ. ક્રેડીટ સોસાયટી (સૂચિત)ના કાર્યવાહક મંડળના હોદ્દેદારોની વરણી કરાઈ હતી. પ્રમુખ પદે કાન્તિભાઈ પરમાર, સેક્રેટરી પદે સુબોધચંદ્ર વાઘેલા તેમજ ઓડીટર તરીકે બીપીનભાઈ પરમારની નિયુક્તી કરાઈ હતી. કાર્યવાહક મંડળના અન્ય સભ્યો તરીકે શામળભાઈ સોલંકી, જેઠાલાલ જાદવ, રમેશભાઈ રાઠોડ, કિરીટભાઈ સોલંકી, રઘુભાઈ સોલંકી, અરૂણભાઈ પ્રભાકર, બાબુભાઈ વોરા, વિજયભાઈ જાદવની વરણી કરાઈ હતી.



અખિલ ભારતીય મુલ્કી સેવા દ્વારા વોલીબોલ સ્પર્ધા જયપુર ખાતે યોજાનાર છે. તેમાં સચિવાલયની ટીમ ભાગ લેવા જઈ રહી છે તે પ્રસંગની તસવીર. (તસવીર : દિપક જાની)

## ગીફટ સીટીના રોડ અપગ્રેડેશન માટે જમીન સંપાદન સામે વિરોધ

ચિલોડા, તા.૨૩

ગાંધનગર શહેરના છેવાડે વિકસી રહેલ ગુજરાત સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેકટ ગીફટસીટીના હયાત રસ્તાને અપગ્રેડેશન કરવા એક આખરી જાહેરનામું બહાર પડાયું છે. જેમાં શાહપુર ગામના ૨૫ સર્વે નંબરોનો જમીન સંપાદનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જે માટે ખેડૂતો દ્વારા સખત વિરોધનો સૂર ઉઠયો છે.

શાહપુર ગામના ખેડુતોની માંગણી મુજબ હયાત રસ્તાને અપગ્રેડેશનના હેતુસર જમીન સંપાદન કરવાની તજવીજ હાથ ધરાઈ છે તેમાં સરકાર બેવડી નીતિ અપનાવી રહી છે. ગીફટ સિટીને નેશનલ હાઈવે નં. ૮ સાથે જોડવા ફિરોજપુર ગામની જમીન ઉંચા ભાવે ખરીદવામાં આવી હતી જયારે શાહપુરના આજુબાજુના ગામોની જમીન સસ્તા ભાવે સંપાદન કરાઈ રહી હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. આથી ખેડૂતો બજાર ભાવે જમીનોની કિંમતની માગણી કરી રહ્યા છે. શાહપુર ગામની લગભગ ૫૦ ટકાથી પણ વધુ જમીનો ગાંધીનગર શહેર વિકાસ માટે સંપાદન કરવામાં આવી છે. ગામમાં ખેતીલાયક જમીનો ખુબ જ નહીવત પ્રમાણમાં વધી છે. રસ્તાના નામે ખેડૂતોની મામૂલી આજીવિકાનું અને જીવનનિર્વાહના એક માત્ર સાધન જમીન સંપાદન થવાથી ખેડૂતોમાં અનેક તર્કવિતર્કો ચાલી રહ્યા છે. આ અંગે ખેડૂતોએ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી ખેડૂતોનું હિત ન જોખમાય તે પ્રમાણે પગલા ભરવા આજીજી કરી છે. કેટલાક ખેડૂતોએ રસ્તાના અપગ્રેડેશન હેતુ માટે સગવડ કરી જમીનના બદલે ધ્યેય પૂર્ણ જમીનો સંપાદિત કરવામાં વધુ રસ દાખવવાનો આક્ષેપ પણ કર્યો છે. વળી આ સંપાદનની જગ્યાએ હયાત રસ્તો, પદગંડી-માર્ગ કે ગાડાં નાળીયું પણ નથી, માત્ર રસ્તાના નામે ખેડૂતોની મહામૂલી જમીનો ઝૂંટવી લેવાની તરકીબ સામે ખેડૂતો સખત વિરોધ કરી રહ્યા છે. સોનાની લગડી સમાન જમીનો વિકસિત વિસ્તારમાં કિંમતી અને મોકાની હોવાથી ઉંચી કિંમત ધરાવતી મૂલ્યવાન જમીનો ટી.પી. સ્કીમમાં મૂકવાની માંગ પ્રવર્તી રહી છે. પરંતુ માત્ર ખેતી પર નિર્ભર ખેડૂતોની હાલત કફોડી ના બને તે માટે આડેધડ જમીન સંપાદન માટે ખેડૂતો વિરોધ નોંધાવી રહ્યા છે.

## જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર આયોજિત કરોડરજ્જુ નિદાન કેમ્પ

### ગરદનના દુઃખાવા અને કમરના દુઃખાવાના નિષ્ણાંત ડૉક્ટર દ્વારા તપાસ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૩

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર દ્વારા તારીખ ૨૯-૯-૨૦૧૩, રવિવારે સવારે ૯.૦૦ થી બપોરના ૧.૦૦ દરમ્યાન, બલરામ મંદિર, ઉમિયા મંદિર પાસે, પથિકાશ્રમની સામે, ગાંધીનગર ખાતે, અમદાવાદ સ્થિત, રાજવી હોસ્પિટલ, ત્રીજો માળ, રૂદ્ર આર્કેડ, હેલમેટ સર્કલ ડ્રાઈવ ઈન રોડ, મેમનગર અમદાવાદના, નામાંકિત સ્પાઈન એન્ડ જોઈન્ટ સર્જન ડૉ. બીરેન શાહ (એમ.એસ.આર્થો) સ્પાઈન એન્ડ જોઈન્ટ સર્જન (યુ.કે. ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા)નો કરોડરજ્જુ, ગરદનના દુઃખાવા અને કમરના દુઃખાવાનો કેમ્પ રાખવામાં આવેલ છે.

આ કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ વહેલા તે પહેલાના ધોરણે શ્રી બાબુભાઈ પટેલ, મોબાઈલ નંબર ૯૪૨૭૩૦૫૫૮નો સંપર્ક કરી પોતાનું નામ નોંધાવવા અને મુલાકાતનો અંદાજીત સમયે મેળવી લેવાનો રહેશે. ટેલિફોન પર નોંધણી કરાવેલ દર્દીઓએ જ કેમ્પના સ્થળે ટોકન ફી ફક્ત રૂ. ૩૦.૦૦ જમા કરાવી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. મુલાકાતના સમયે પોતાના એક્ષરે-એમ.આર.ઈ. રીપોર્ટ વગેરે સાથે લાવવા અખબારી યાદીમાં ગૃપના પ્રમુખશ્રી બાબુભાઈ એમ. પટેલે જણાવેલ છે.

## પેથાપુરમાં વિજબિલ સ્વીકાર કેન્દ્ર ખોલાયું

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર તાલુકાના પેથાપુર મુકામે એકલવ્ય એજયુકેશન ટ્રસ્ટ દ્વારા વિજબિલ સ્વીકાર કેન્દ્ર શરુ કરતા ગ્રાહકોમાં રાહતની લાગણી પ્રસરવા પામી છે. પેથાપુરથી ઉત્તર ગુજરાત વિજ કંપનીની ઓફિસ ૩ કિ.મી. દૂર હોવાથી સ્થાનિક રહીશોને વિજ બીલ ભરવા માટે ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આથી કંપની દ્વારા એકલવ્ય એજયુકેશન ટ્રસ્ટને વિજ બિલ સ્વીકાર કેન્દ્રની મંજૂરી આપવામાં આવેલ છે. આથી ટ્રસ્ટ દ્વારા પેથાપુર નગરના પોલિસ સ્ટેશન સામે આવેલ જગદંબા શોપિંગ સેન્ટરમાં વિજબીલ સ્વિકાર કેન્દ્ર ચાલુ કરેલ છે. આ કેન્દ્રનો સમય સોમવારથી શનિવાર સવારે ૮.૩૦થી બપોરે ૪.૦૦વાગ્યા સુધીનો રાખેલ છે. ટ્રસ્ટના પ્રમુખ હરેશ સિસારાએ આ સેવાનો મહત્તમ લાભ લેવા નગરજનોને અપીલ કરી હતી.

## આદર્શ નિવાસી શાળામાં સ્ટ્રેસ મેનેજમેન્ટ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

સેકટર-૧૩ સ્થિત આદર્શ નિવાસી શાળામાં ગત તા. ૧૯મીથી ૨૩મી સપ્ટેમ્બર દરમિયાન રોટરી કલબ ઓફ કેપિટલના સહયોગથી 'વર્કશોપ ઓન સ્ટ્રેસ મેનેજમેન્ટ'નું આયોજન કરાયું હતું. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

વિદ્યાર્થી અવસ્થામાં તણાવ ઉત્પન્ન થવાના વિવિધ કારણો, આ કારણોને દૂર કરવાના ઉપાયો તેમજ પ્રાણાયામ અને ધ્યાનના માધ્યમથી તણાવમુકત કેવી રીતે રહેવું વગેરેની વિસ્તૃત સમજ તેમજ ક્રિયાત્મક પ્રશિક્ષણ આ વર્કશોપમાં આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન ઉદભવતા અનેક પ્રશ્નોનું સચોટ અને તાર્કિક નિરાકરણ કરવામાં આવ્યું હતું.

વર્કશોપમાં અરવિંદભાઈ રાણા, પી.એસ. ગોહિલ, અમીબેન શાહ, મહેન્દ્રભાઈ ભાવસાર, યશવંતભાઈ જોષી તેમજ મનોજ સરવૈયાએ માર્ગદર્શન પુરું પાડયું હતું. કાર્યક્રમનું સંચાલન ધો-૯માં અભ્યાસ કરતી કુ. મહિમા પંડયાએ કર્યું હતું. અંતમાં આચાર્યા કુસુમબેને રોટરી કલબ તેમજ વિદ્યાર્થીઓને સફળ વર્કશોપ માટે અભિનંદન આપ્યા હતા.




## ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રેસીડેન્ટ પદે ડૉ. અનિલ ચૌહાણની બિનહરીફ વરણી

ગાંધીનગર, તા.૨૩

ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના ગાંધીનગર એકમની વાર્ષિક ચુંટણીઓ તા. ૧૯મી સપ્ટેમ્બરના રોજ યોજાઈ ગઈ. જેમાં પ્રેસીડેન્ટ તરીકે ડૉ. અનિલ ચૌહાણની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત સેક્રેટરી પદે ડૉ.દિનેશ બારોટ, વાઈસ પ્રેસીડેન્ટ પદે ડૉ. વિષ્ણુભાઈ પટેલ અન ડૉ. કલ્પેશ પરીખ, ટ્રેઝરર તરીકે ડૉ. રશ્મિન પ્રજાપતિ, આસિસ્ટન્ટ ટ્રેઝરર તરીકે ડૉ. બંકીમ મોદી, જોઈન્ટ સેક્રેટરી માટે ડૉ. જયેશ સોલંકી તેમજ આસિસ્ટન્ટ સેક્રેટરી પદે ડૉ. વિરલ લુહાર ચુંટાઈ આવ્યા હતા. આ ઉપરાંત એકિઝકયુટીવ કમિટિમાં ડૉ. અમિત પટેલ, ડૉ. વસંત પટેલ, ડૉ એન.કે. પટેલ, ડૉ. બી.કે. સોલંકી, ડૉ. હર્ષદ રાઠોડ તથા ડૉ. ઉમંગ ભાવસાર ચુંટાઈ આવ્યા હતા.

ડૉ. અનિલ ચૌહાણની રાહબરી હેઠળ એસોસિએશને ૬૦થી વધુ કાર્યક્રમો કર્યા હતા. જેમાં મેડિકલ એજયુકશન સેમિનાર ઉપરાંત રોગ નિદાન અને સારવાર કેમ્પ, વૃદ્ધોને લાકડી વિતરણ તેમજ કન્યા કેળવણી સંદર્ભે ગાંધીનગર શહેરની શાળાઓમાં મહાત્મા ગાંધીના પુસ્તકોનું વિતરણ જેવા સામાજીક કામોનો સમાવેશ થાય છે. સમગ્ર ચુંટણી પ્રક્રિયાની કામગીરી ડૉ. પિયુષ દવે, ડૉ. અનિલ વેદ તેમજ ડૉ. રૂપેશ પટેલે ચુંટણી અધિકારી તરીકે સેવા આપી સંભાળી હતી.



## રાજયના ૧૨ કલાકારોને ગૌરવ પુરસ્કાર એનાયત કરાયા

અમદાવાદ, તા.૨૩

ભાઈકાકા ભવન, લો ગાર્ડન ખાતે સંગીત, નૃત્ય, નાટક અને લોક કલાક્ષેત્રના ૧૨ કલાકારોને વર્ષ૨૦૧૨-૧૩ના ગૌરવ પુરસ્કાર સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રી શ્રી રમણલાલ વોરાના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૧૨-૧૩ના ગૌરવ પુરસ્કૃત કલાકારોમાં નાટય ક્ષેત્રે શ્રી ભીમ વાકાણી અને શ્રી પ્રિયકાન્ત મહેતા, અમદાવાદ, શ્રી ભારતકુમાર વ્યાસ હિંમતનગરને, સંગીત ક્ષેત્રે, શ્રી નયન પંચોલી, ડૉ. ધારી પંચમદા, અમદાવાદ અને શ્રી વિનોદ પટેલ, રાજકોટ વતી તેમના ધર્મપત્ની નીતાબેન પટેલને પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો હતો.

નૃત્ય ક્ષેત્રે શ્રીમતી સ્વાતી અજય મહેતા, જામનગરને કથ્થક અને ભારત નાટયમ માટે શ્રીમતી સુપ્રવા રવિનારાયણ મશ્રા, અમદાવાદને ઓડિશી શાસ્ત્રીય નૃય માટે ડૉ.કાજલ મૂળે, ભાવનગરને ડાન્સ, ડ્રામા, ગાયન અને દિગ્દર્શન માટે સન્માનિત કરવામાં આવ્યા હતા.

લોકકલા ક્ષેત્રે લોક સંસ્કૃતિ અને લોકકલા વિરાસતને સતત ધબકતી રાખવા માટે શ્રી જોરાવરસિંહ જાદવ, અમદાવાદને લોકસંગીત ક્ષેત્રે ગાયિકા તરીકે શ્રીમતી ઈન્દીરાબેન શ્રીમાળી, અમદાવાદને તેમજ પિતા હેમુ ગઢવીને લોકસંગીતના વારસાને ૪૦ વર્ષ સુધી જતનથી જીવનારા શ્રી બિહારી હેમુ ગઢવીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સર્વ કલાકારોને પ્રમાણપત્ર, મોમેન્ટો, શાલ રૂ. ૫૧ હજારનો ચેક અને ગુલદસ્તો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સ્વાગત પ્રવચનમાં યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જહાએ પુરસ્કૃત દ્યાદશ કલા રત્નોની સવિસ્તાર સિધ્ધિ વર્ણવતાં જણાવ્યું હતું કે કલા સમાજની સામૂહિક ચેતનાને ઢંઢોળે છે. અપેક્ષા રહિત કલા સાધનાની તપશ્ચર્યા કરતા કલાકારોની કલાને વિવિધ આયામોથી સરકાર ઉજાગર કરે છે. પતંગોત્સવ, વાયબ્રન્ટ નવરાત્રિ, સ્વર્ણિમ ગુજરાત, અનોખુ ડાંગ, રણોત્સવ, રાષ્ટ્રીય પર્વોની ઉજવણીના માધ્યમથી ગુજરાતની કલા અને કલાકારની નોંધ દેશ દુનિયા સુધી લેવાય છે.

આ પ્રસંગે અમદાવાદ મહાનગર પાલિકાના મેયર શ્રીમતી મીનાક્ષીબહેન પટેલ, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના કાર્યકારીના સચિવશ્રી ભાવેશ એડા, ગુજરાત સાહિત્ય અકાદમીના શ્રીમતી મીતા પારેખ, ગુજરાત રાજય લલિત કલા અકાદમીના સચિવશ્રી મનોજ શુકલ હાજર હતા.

કલા રસિકની હેકડેઠઠ ભરેલા હોલમાં કલા જગતના અગ્રગણ્ય કલા મૃમૃક્ષો અને કલા પારખુઓની ઉપસ્થિતિમાં શ્રી નયન પંચોલી, શ્રી બિહારી હેમુ ગઢવી, ડૉ. કાજલ મૂળે અને શ્રીમતી સુપ્રવામિશ્રાએ કલા પ્રસ્તુતિ કરી સૌને રસ તરબોળ કર્યા હતાં.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૭

સૂર્યાસ્ત : ૬.૪૩

### તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૧૦૦ ટકા

વરસાદ ૫૪ મી.મી.

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :

ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

ધ લન્ચ બૉક્ષ : ૯.૪૫, ૩.૧૦, ૫.૩૫, ૧૦.૪૫

ગ્રાન્ડ મસ્તી : ૧૨.૧૦

શુદ્ધ દેશી રોમાન્સ : ૮.૦૦

: સ્ક્રીન-૩ :

ફટા પૉસ્ટર નીકલા હીરોઃ ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૪ :

ગ્રાન્ડ મસ્તી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સીટી પ્લસ**

: સ્ક્રીન-૧ :

ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૨ :

ગ્રાન્ડ મસ્તી : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

૨ ગન્સ(અંગ્રેજી) : ૪.૩૦, ૭.૧૫, ૯.૪૫

: સ્ક્રીન-૪ :

ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૦.૦૦

લન્ચબૉક્ષ : ૧.૦૦, ૩.૧૫, ૮.૦૦, ૧૦.૧૫

શુદ્ધ દેશી રોમાન્સ : ૫.૩૦

**સૂર્યા, વાવોલ**

ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ગ્રાન્ડ મસ્તી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૧.૦૦, ૫.૦૦, ૧૧.૦૦

ગ્રાન્ડ મસ્તી : ૨.૦૦, ૮.૦૦

**ચિરાગ, કલોલ**

મા-બાપના આશીર્વાદ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે.

**વૃષભ** : નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

**મિથુન** : ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

**કર્ક** : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

**કન્યા** : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

**તુલા** : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

**વૃશ્ચિક** : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**ધન** : યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

**મકર** : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.

### ચિરવિદાય

- સ્વ. ચેતનભાઈ જયશંકર ત્રિવેદી (ઉ.વ. ૫૦) પ્લોટ નં. ૧૨૪૦/૧, સેકટર- ૨/એ, ગાંધીનગર.
- સ્વ. શંકરસિંહ જવાનજી રાઠોડ (ઉ.વ. ૯૮)મુ.પો. દોલારાણા વાસણા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. બળવંતજી મનુજી ઠાકોર (ઉ.વ. ૧૪)મુ.પો. મોટી શિહોલી, તા., જિ. ગાંધીનગર.